©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 10th JULY, 2025/ASHADHA 19, 1947 [Issue No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	639-670	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	2105-2296
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨) ની કલમ-૩૭(૧) અન્વયેનુ

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૧)/૨૭૯૮૯૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિયારબંધી/૨૦૩૫/૨૦૨૫, તા. ૧૯-૦૪-૨૦૨૫ થી આવેલ દરખાસ્ત વિગતે, તેમાં દર્શાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જાહેર સુલેહ-શાંતિ તથા કાયદો વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે/કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, હું પી. એ. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૦૪-૨૦૨૫ થી તા. ૨૩-૦૫-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી તમામ વ્યકિતઓએ નીચે પ્રમાણે અમલવારી કરવા ફરમાન કરૂ છું.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ હેડ કોનસ્ટેબલ તથા તેનાથી ઉપરની કક્ષાનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

પી. એ. જાડેજા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-265-2/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આગસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૪-૦૫-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૧૦-૦૬-૨૦૨૫ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૬-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૬ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/વશી/ફા. પ્રે./જાહેરનામું/૨૩૫-૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/ફાયરિંગ/જા.ના./૮૩૮/૨૦૨૫, તા. ૨૩-૦૫-૨૦૨૫ થી પોરબંદર જિલ્લાના સી.આઈ.એસ.એફ. યુનિટના અધિકારી/કર્મચારીઓ ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૫-૨૦૨૫ના દિવસ-૦૩ (ત્રણ) માટે સમય ક. ૦૬-૩૦ થી ક. ૧૯-૩૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૫-૨૦૨૫ ના કુલ દિવસ-૦૩(ત્રણ) માટે સમય ક. ૦૬-૩૦ થી ક. ૧૯-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉતર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૨૬-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૩૫૨/હ. બં. જાહેરનામું/મે-જુન/૨૦૨૫.-આગામી મે/૨૦૨૫-જુન-૨૦૨૫ ના માસ દરમ્યાન તા. ૧૬-૦૫-૨૦૫ ના સંકટ ચોથ, તા. ૨૦-૦૫-૨૦૨૫ ના કાલાષ્ટમી, તા. ૨૫-૦૫-૨૦૨૫ ના શિવરાત્રી, તા. ૩૦-૦૫-૨૦૨૫ ના વિનાયક ચોથ, તા. ૦૬-૦૬-૨૦૨૫ ના દુર્ગાષ્ટમી, તા. ૦૬-૦૬-૨૦૨૫ના ભીમ અગીયારસ તથા તા. ૦૭-૦૬-૨૦૨૫ ના બકરી ઈદ વિગેરે તહેવારો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./૧૬૩૨/૨૦૨૫, તા. ૧૦-૦૫-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમા દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૫-૦૫-૨૦૨૫ થી તા. ૧૩-૦૬-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી કોઈએ :

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

(છ) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

: પરિશિષ્ટ :

''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''

આ જાહેરનામું નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સપેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૩-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૩ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૩૭૫/જળાશય પ્રવેશ પ્રતિબંધ/૨૦૨૫.-સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૦૫-૦૫-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : HD/MSM/e-file/8/2025/2-18/SB1 થી તાજેતરમાં રાજ્યમાં જળાશયોમાં ન્હાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. જે બાબત અતિગંભીર હોઈ અત્રેના જિલ્લામાં જળાશયો (નદી, તળાવ, નહેર, દરિયા)માં વ્યકિતઓ/પ્રવાસીઓ ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના થઈ આવેલ છે.

અધિક્ષક ઈજનેરશ્રી, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, ભાવનગર તથા કાર્યપાલક ઈજનેરશ્રી, વોટર વર્કસ વિભાગ, મહાનગરપાલીકા, ભાવનગર તરફથી ભાવનગર જિલ્લામાં અઘટીત ઘટનાઓ બનવાની શકયતા હોય તેવા ભયજનક જળાશયોની યાદી રજુ થયેલ છે. જે મુજબના જળાશયોમાં વ્યકિતઓ/પ્રવાસીઓના ન્હાવા પર/પ્રવેશ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ભાવનગર જિલ્લામાં નીચે જણાવેલ વિસ્તારોમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત વિસ્તાર :

ભાવનગર જિલ્લામાં નીચે જણાવેલ વિસ્તારોમાં આવેલ જળાશયો (નદી, તળાવ, નહેર, દરિયા) ના પાણીમાં વ્યકિતઓ/પ્રવાસીઓને જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ક્રમ	જળાશયનું નામ	સરનામું
૧	બોરતળાવ, ભાવનગર	ગૌરીશંકર તળાવ, થાપનાથ મહાદેવ, ભાવનગર
૨	ખોડીયાર તળાવ	રાજપરા (ખોડીયાર), તા. શહેર
૩	ભીકડા હેડ વર્ક	ભીકડા, તા. ઘોઘા
૪	ભીકડા કેનાલ	ભીકડા, તા. ઘોઘાથી બોરતળાવ ભાવનગર સુધી
૫	અકવાડા મેઈન તળાવ	અકવાડા ગામ, ભાવનગર
૬	ગંગાજળીયા તળાવ	ઘોઘા ગેટ, ભાવનગર
૭	નારી મેઈન તળાવ	નારી ગામ, ભાવનગર
૮	ઝાંઝરીયા તળાવ	ઝાંઝરીયા હનુમાનજી મંદિર, અધેવાડા, ભાવનગર
૯	હજુરીયા તળાવ	રૂવા ગામ, ભાવનગર
૧૦	પુર્ણા તળાવ	રૂવા ગામ, ભાવનગર
૧૧	ટબુડી તળાવ	અધેવાડા ગામ, ભાવનગર
૧૨	ફુલજરીયા તળાવ-અધેવાડા	અધેવાડા ગામ, ભાવનગર

ક્રમ	જળાશયનું નામ	સરનામું
૧૩	રૂવાપરી મંદિર તળાવ	રૂવાપરી મંદિર, ભાવનગર
૧૪	માલેશ્રી તળાવ/ચેકડેમ	અકવાડા, ભાવનગર
૧૫	જત વસાહત તળાવ-૧ અકવાડા	અકવાડા, ભાવનગર
૧૬	જત વસાહત તળાવ-૨ અકવાડા	અકવાડા, ભાવનગર
૧૭	તરસમીયા તળાવ	તરસમીયા ગામ, ભાવનગર
૧૮	નારી-કરદેજ રોડ તળાવ	નારી ગામ, ભાવનગર
૧૯	ચાકુ તલાવડી	ઘોઘા રોડ, ભાવનગર
૨૦	પીંગળી સિંચાઈ યોજના, ઉતાવળી નદી	પીંગળી ગામ, તા. તળાજા, જિ. ભાવનગર
૨૧	માલણ સિંચાઈ યોજના, માલણ નદી	મોટા ખુંટવડા ગામ, તા. મહુવા, જિ. ભાવનગર
૨૨	રોજકી સિંચાઈ યોજના, રોજકી નદી	થોરાળા ગામ, તા. મહુવા, જિ. ભાવનગર
૨૩	બગડ સિંચાઈ યોજના, બગડ નદી	સમઢીયાળા પટ્ટી, તા. મહુવા, જિ. ભાવનગર
૨૪	રંઘોળા સિંચાઈ યોજના, રંઘોળી નદી	રંઘોળ ગામ, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૨૫	રંઘોળા સિંચાઈ યોજના ડાબા કાંઠા નહેર	ઉમરાળા, શિહોર, શિ. ભાવનગર
૨૬	કાળુભાર સિંચાઈ યોજના ડાબા કાંઠા નહેર	ઉમરાળા, વલ્લભીપુર, જિ. ભાવનગર
૨૭	અકવાડા બંધારા	અકવાડા, ભાવનગર
૨૮	હાથબ બંધારા	હાથબ ગામ, જિ. ભાવનગર
૨૯	માલણ બંધારા	મહુવા બંદર, તા. મહુવા, જિ. ભાવનગર
૩૦	નિકોલ બંધારા	નિકોલ ગામ, તા. મહુવા, જિ. ભાવનગર
૩૧	કળસાર બંધારા	કળસાર, તા. મહુવા, જિ. ભાવનગર
૩૨	અઘેવાડ રીચાર્જ રીઝર્વોયર	અઘેવાડા, ભાવનગર
૩૩	ગરીબપૂરા રીચાર્જ રીઝર્વોયર	ગરીબપુરા, તા. ઘોઘા, જિ. ભાવનગર
૩૪	ભવાનીપુરા રીચાર્જ રીઝર્વોયર	ભવાનીપુરા, તા. તળાજા, જિ. ભાવનગર
૩૫	માલણકા રીચાર્જ ટેન્ક	માલણકા, તા. જિ. ભાવનગર
૩૬	તણસા રીચાર્જ ટેન્ક	તણસા, તા. ઘોઘા, જિ. ભાવનગર
૩૭	સાણોદર રીચાર્જ ટેન્ક	સાણોદર, તા. ઘોઘા, જિ. ભાવનગર
૩૮	ઝાંઝમેર ચેકડેમ	ઝાંઝમેર, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૩૯	રતનપર ચેકડેમ	રતનપર, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૪૦	ચોગઠ ચેકડેમ	ચોગઠ, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૪૧	લોલીયાણા ચેકડેમ	લોલીયાણા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૪૨	તોતણીયાળા ચેકડેમ	તોતણીયાળા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૪૩	ચડા ચેકડેમ	ચડા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૪૪	મેલાણા ચેકડેમ	મેલાણા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૪૫	પીપરલી-૨ ચેકડેમ	પીપરલી, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૪૬	ઉમરાળા-૧ ચેકડેમ	ઉમરાળા, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૪૭	ઉમરાળા-૨ ચેકડેમ	સમઢીયાળા, તા. ઉમરાળા, જિ. ભાવનગર
૪૮	દરેડ-૧ ચેકડેમ	દરેડ, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૪૯	દરેડ-૨ ચેકડેમ	દરેડ, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૦	પીપળ ચેકડેમ (કાનપર)	પીપળ (કાનપર), તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૧	ખેતાટીંબી ચેકડેમ	ખેતાટીંબી, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર

ક્રમ	જળાશયનું નામ	સરનામું
૫૨	હડમતીયા ચેકડેમ	હડમતીયા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૩	નસીતપર ચેકડેમ	નસીતપર, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૪	વલ્લભીપુર ચેકડેમ	વલ્લભીપુર, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૫	લુણધરા ચેકડેમ	લુણધરા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૬	કાનપર ચેકડેમ	કાનપર, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૭	માલપરા ચેકડેમ	માલપરા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૮	લીંબડા ચેકડેમ	લીંબડા, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર
૫૯	શેત્રુંજી નદી અને ડાબા તથા જમણા કાંઠાની કેનાલો	શેત્રુંજી સિંચાઈ યોજના, નાની રાજસ્થળી, પાલીતાણા
૬૦	ખારો નદી અને ડાબા કાંઠા કેનાલ	ખારો સિંચાઈ યોજના, સોનપરી, પાલીતાણા
૬૧	રજાવળ નદી અને ડાબા તથા જમણા કાંઠાની કેનાલો	રજાવળ સિંચાઈ યોજના, માંડવડા, પાલીતાણા
૬૨	હણોલ સિંચાઈ યોજના, રજાવળ નદી	હણોલ, તા. પાલીતાણા
૬૩	લાખણકા સિંચાઈ યોજના, મલેશ્રી નદી	બુધેલ, તા. જિ. ભાવનગર
૬૪	હમીરપરા સિંચાઈ યોજના, ઉતાવળી નદી અને ડાબા કાંઠા કેનાલ	હમીરપરા, તા. તળાજા, જિ. ભાવનગર
૬૫	જસપરા માંડવા સિંચાઈ યોજના જસપરી નદી	માંડવા, તા. તળાજા, જિ. ભાવનગર
૬૬	ખંઢેરા બંધારા	--
૬૭	ગોપનાથ બંધારા	--
૬૮	અલંગ બંધારા	--
૬૯	જસપરા બંધારા	--
૭૦	સમઢીયાળા રીચાર્જ રીજર્વીયર	--
૭૧	બપાડા રીચાર્જ ટેંક	--
૭૨	ઈશોરા-૧ રીચાર્જ ટેંક	--
૭૩	બેલા રીચાર્જ ટેંક	--
૭૪	નાની બાબરીયાત રીચાર્જ ટેંક	--
૭૫	મણાર રીચાર્જ ટેંક	--
૭૬	માખણીયા ચેકડેમ, શેત્રુંજી નદી	માખણીયા, તા. તળાજા, જિ. ભાવનગર
૭૭	તળાજા ચેકડેમ, શેત્રુંજી નદી	તળાજા, તા. તળાજા, જિ. ભાવનગર
૭૮	માખણીયા-૧ ચેકડેમ, શેત્રુંજી નદી	માખણીયા-૧, તા. તળાજા, જિ. ભાવનગર
૭૯	હબુકવડ ચેકડેમ, શેત્રુંજી નદી	હબુકવડ, તા. તળાજા, જિ. ભાવનગર
૮૦	રોયલ ચેકડેમ, શેત્રુંજી નદી	રોયલ, તા. તળાજા, જિ. ભાવનગર

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ ફોજદારી પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૯-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૦૯ માહે મે, સને ૨૦૨૫.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના) નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૯૮૮/૨૦૨૫.-રાજ્ય બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ/સીમકાર્ડના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણાવવુ જરૂરી જણાય છે.

જેથી બાટોદ જિલ્લા વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચરનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદરનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તથા સીમકાર્ડ વેચનારે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામા આવે તે જરૂરી છે.

(૧) જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI NO.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત	ફોટો

(૨) જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI NO.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત	ફોટો

(૩) સીમકાર્ડ વેંચાણ બાબતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત/કંપનીનું	IMEI NO.	સીમકાર્ડ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગતું	ID પ્રુફની વિગત	ફોટો

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ અગાઉ પંજાબ રાજ્ય પઠાણકોટ, ગુરૂદાસપુર ખાતે તેમજ ભુતકાળમાં આંતવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બોધ્ધા ગયા, અમદવાદ, મોડાસા, બેંગલોર, દિલ્હી અને ચેન્નાઈ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મીલકતોને નુકશાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાવના સાધન સામગ્રી મળી આવેલ હતી જે જોતા આંતકવાદી/ ત્રાસવાદી તત્વોને પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ-વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ ભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ-વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ જેથી સાયકલો જેથી સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોચી શકાય છે. તેવા સાયકલો/ વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે. બોટાદ જીલ્લા વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ બોટાદ જિલ્લા વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૨.૧) સાયકલ સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુવ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨.૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ પાન કાર્ડ આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે નગરપાલીકા કોર્પોરેટર ધારા સભ્યશ્રી સંસદ સભ્યશ્રી કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે.

(૨.૩) બીલમાં ખરીદદારનું પુરૂ નામ સરનામું સંપર્ક માટે ટેલિફોન/મોબાઈલ નંબર લખવો.

(૨.૪) વેચાણ બીલમાં સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર ચેસીસ નંબર એન્જીન નંબર અવશ્ય લખવો.

(૨.૫) સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

(૨.૬) વાહન ખરીદનાર નામે વાહન તબદીલ કરવા RTO કચેરી ખાતે જરૂરી ફોર્મમાં અરજી કરી તે અંગેની કાર્યવાહી વાહન વેચનારે વાહન વેચાણના દિન-૧૫માં વાહનની બિનચુક તબદીલી થાય તે રીતે કરવાનો રહેશે.

(૩) મકાન/દુકાન/ઓફીસ ભાડે આપવા તથા લેબર રજીસ્ટ્રેશન અંગે માહિતી રાખવા બાબત :

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક, વાડી, ખેતરના રહેણાક, ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફીસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થીતીથી માહિતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃતીઓને તથા અસામાજીક પ્રવૃતીને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો તથા ગ્રામ્ય શહેરી વિસ્તારમાં રહેણાંક, વાડી, ખેતરના રહેણાક, ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા તથા સ્થાનિક લોકોની જાન માલની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૩.૧) બોટાદ જીલ્લા વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સતા આપેલ વ્યકિત માકન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમો ભાડે આપેલ છે તેવા મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના રહેણાંક, વાડી, તથા ખેતરના રહેણાંકના માલીકોએ આ માહિતી તૈયાર કરી ફરજીયાત પોતાની પાસે રાખવાની રહેશે.

(૩.૨) બોટાદ જીલ્લા વિસ્તારમાં મકાનો/બંગલાઓ, અન્ય રહેણાંક મકાનો/સ્થાયી મીલકતો ભાડે આપે અથવા અન્ય કોઈ રીતે હસ્તાંતરણ કરે તે મીલકતની માહિતી સમિતી/સોસાયટી/કમીટી/રચાઈ હોય તો તેના પ્રમુખ/ચેરમેન/સેક્રેટરીએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જો મીલ્કત અંગે સમિતી ન રચાઈ હોય તો જે તે મીલકતના માલીક/કબ્જેદાર/કર્તાહર્તાએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જ્યારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોકત માહીતી પુરી પાડવાની રહેશે.

(૩.૩) બોટાદ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અથવા તો આ માટે આવા મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિતને મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમો ભાડે આપે ત્યારે અથવા તો અન્ય કોઈ વ્યકિતને કામ ઉપર રાખે તો આવા વ્યકિતઓના જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવી નાગરિકતા અંગેની ચકાસણી કરી મહિતી પોતાની પાસે રાખવાની રહેશે. અને સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવાની રહેશે.

ક્રમ	વિગત	
૧	મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના માલીકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ.	
૨	મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના માલીકનું એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનુ નામ સરનામુ ટેલી. નંબર.	
૩	મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યકિતને ભાડે આપેલ છે. તેનું પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યકિતને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા	
૬	મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામુ, ટેલી. નંબર.	
૭	મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ?	

: નિયમો :

૧. આ ફોર્મમાં ઉપરોકત વિગતોને સમાવેશ કરવાની રહેશે.

૨. આ ફોર્મ સંપુર્ણ રીતે ભરીને મકાન માલીક અને ભાડુઆતે એક નકલ જો સમિતીની રચના હોય તો પ્રમુખ/ચેરમેન/સેક્રેટરીને આપવાની રહેશે અને માહિતી સોસાયટીના પ્રમુખ/ચેરમેન/સેક્રેટર/કર્તાહર્તાએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે.

૩. જો આવી કોઈ સોસૈાયટી કે કમીટી રચાઈ ના હોય તો સદર મીલકતની માહીતીની જવાબદારી માલીક/કબ્જેદાર/કર્તાહર્તા ની રહેશે.

૪. તમારી મિલકતનો કબજો સુપ્રત કરતા હોય, તો જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલકત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાઈસન્સ/પાનકાર્ડ/ઈલેકશન કાર્ડ/આધારકાર્ડ કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.			
૮. આ સાથે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રેમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.			
૯. મિલકત ખાલી કરો ત્યારે લેખિતમાં જાણ કરવાની રહેશે.			
૧૦. બને ત્યાં સુધી આપની મિલકત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખવી આપવી.			
૧૧. મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહિઓ જવાબદાર સાક્ષીની રૂબરૂમાં કરવાની રહેશે.			
એજન્ટનું નામ શ્રી/શ્રીમતી			
એજન્ટનું સરનામુ			
ફોન નં. (ઘર)	(ઓફીસ)	(મો. નં.)	
ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું			
(૧)			
ફોન નં. (ઘર)	(ઓફીસ)	(મો. નં.)	
(૨)			
ફોન નં. (ઘર)	(ઓફીસ)	(મો. નં.)	
		સાક્ષીની સહી	
ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી સહિ/સિક્કો/ તારીખ	
ભાડુઆતની સહિ	એકમ, મકાન માલીકની સહી	પ્રમુખ/સેક્રેટરી/ચેરમેન/કર્તાહર્તાની સહી	

(૪) સીસીટીવી કેમેરા ગોઠવવા બાબત :

ભુતકાળમાં અમદાવાદ ખાતે થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુંવારી થયેલ જેમાં ગુજરાતના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૦૮-૧૦-૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો, ગાંધીનગર અક્ષરધામ મંદીર ઉપર થયેલ હુમલા તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી વારંવાર મળતી માહિતી ધ્યાને લેતા બોટાદ જિલ્લાની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

બોટાદ જિલ્લામાં નજીકના ભુતકાળમાં સગીરવયની બાળા પર દુષકર્મના પ્રર્યાસની ઘટના બનવા પામેલ તથા બહારના રાજયોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, તેમજ જયા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં CCTV કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ. સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીંગ એરીયા, તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનો ની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨-મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/સંચલાકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવરનું રેકોડીંગ થઈ શકે તે પ્રમાણેના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) તેમજ જયાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો ખાતે સંસ્થાની અંદરની ભાગે તથા એન્ટ્રી ગેઈટ પર રોડને આવરી લે તે રીતે CCTV કેમેરા લગાવાના રહેશે.

(૧૧) મોલમાં માલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરા નું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર.હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટીવી. કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર જયારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

(૫) હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતી રાખવા બાબત :

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરેછે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેરમાં લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

જેથી બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી/લુટ/ચોરી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં કોઈપણ નાગરીક આવે ત્યારે તેના ડોકયુમેન્ટની વિગતો કોપી સહીતની લેવી.

(૨) ડોકયુમેન્ટની વગરના તેમજ અજાણ્યા નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૩) તમામ નાગરીકના નામ, સરનામા, મોબાઈલ, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૪) બોટાદ જિલ્લામાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૫) કોઈપણ નાગરીકની હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગમાં શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૬) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા તમામ નાગરીકોની અન્ય જરૂરી માહિતી તમામ માહિતી રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ ઉપરાંત હોટલ/લોજ/બોર્ડીંગ/ગેસ્ટહાઉસના માલીકો જયારે કોઈપણ વ્યક્તીને હોટલ/લોજ/બોર્ડીંગમાં રહેવા માટે આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી રજીસ્ટ્રરમાં નોંધ કરવાની રહેશે તેમજ પોલીસને જરૂર પડે મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

(૬) હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતીને પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરવા બાબત :

બોટાદ જિલ્લો તેમજ બહારના જિલ્લા અને રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા લોકો હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ લુટ/ચોરી/ધાડ/ત્રાસવાદી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં આશરો આપતા માલીકો/મેનેજરો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. બોટાદ જિલ્લાના

હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના તમામ માલીકોએ તેમના હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં કોઈપણ વ્યક્તીને હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રહેવા માટે રૂમ અથવા આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી તેમના રજીસ્ટ્રરમાં નોંધ કરવાની સાથે-સાથે રીશેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું તેમા ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program For Analysis Of Traveller & Hotel Informatiks) ઈન્સટોલ કરાવી રજીસ્ટ્રરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે. જેથી પોલીસને જરૂર પડે તપાસમાં મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩, ૩૬ અને ૩૭ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો...(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઓદ્યોગીક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાવવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ માંગણી થયેથી પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૨૩-૦૫-૨૦૨૫ થી તા. ૨૧-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧, ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનુ આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૨૧ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૧૦૧૧/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં આવેલ સેન્સેટીવ ઝોન જેવા કે, શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર સાળંગપુર, BAPS સ્વા. મંદિર સાળંગપુર, સ્વામીનારાયણ મંદિર કુંડળ, ભીમનાથ મહાદેવ મંદિર, વિસામણ બાપુની જગ્યા પાળીયાદ, ગોપીનાથજી દેવ સ્વામીનારાયણ મંદિર ગઢડા, BAPS સ્વા. મંદિર ગઢડા તથા ટેલીફોન એક્ષચેન્જ બોટાદ, બરવાળા, ગઢડા તથા બોટાદ જિલ્લામાં આવેલ મોટા ડેમો જેમાં ઉતાવળી ડેમ ગુંદા, સુખભાદર ડેમ નાના છૈડા, ભીમડાદ ડેમ, ઈતરીયા ડેમ, લીંબાળી ડેમ, કાળુભાર ડેમ તથા પાણીના પંમ્પીંગ સ્ટેશન નાવડા તથા ગઢડા તથા સોનાવાલા હોસ્પીટલ બોટાદ તથા CHC હોસ્પીટલ ગઢડા તથા મધુસુદન ડેરી ગઢડા તથા રિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ બોટાદ, કલેકટર કચેરી બોટાદ, તથા જિલ્લા પંચાયત કચેરી બોટાદ, તથા બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ વિજળી પાવર સપ્લાયર સબ સ્ટેશનો વિગેરે સંસ્થાનોને રેડ/યલો ઝોનમાં ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયની SOP અને Drone rules-2021 મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં બોટાદ જિલ્લામાં કુલ-૫૮ સ્થળોને રેડ/યલો ઝોનમાં મુકવામાં આવેલ છે.

જેથી બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ સેન્સેટીવ વિસ્તારો/સંસ્થાનોને ડ્રોન (UAV) જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈ તેની સુરક્ષાને હાનિ ન પહોંચાડે તે સારૂ ઉપરોકત જણાવેલ વિસ્તારોમાં પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે માટે પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના પત્ર નં. એલઆઈ/ડ્રોન કેમેરા/જાહેરનામું/૪૧૫/૨૦૨૫, તા. ૧૩-૦૫-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે ધ્યાને લઈને પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી, બોટાદએ કરેલ દરખાસ્ત મુજબના સ્થળોએ પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના સ્થળો/વિસ્તાર પાસે પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવું છું.

Name of Place	Full Postal Address	Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n"	Recommended Zone Red/Yellow	Latitude	Longitude	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018
66 KV Electric Power Sub Station Kanara	At-Kanara Ranapur Dhandhuka Road Ta-Ranpur Dis-Botad	J	RED	22.349857	71.7312	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Moti Vavadi GETCO	At-Moti Vavadi Ta-Rnapur Dis-Botad	J	RED	22.279123	71.78115	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Chandarava GETCO	At-Chandarava Ta-Rnapur Dis-Boad	J	RED	22.259796	71.850654	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Alampur	At-Alampur Ta-Rnapur Dis-Botad	J	RED	22.316744	71.663368	100 mtr distance from perimeter
Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad	Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad	J	YELLOW	22.191062	71.793647	2 km distance from perimeter
Barwala Bus Station	Ranapur Road, Barawala Ta-Barawala Dis-Botad	L	YELLOW	22.158068	71.892087	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Salangapur	Barawala Botad high way Salangpur Ta-Barawala Dis-Botad	J	RED	22.163115	71.774062	100 mtr distance from perimeter
132 KV Electric Power Sub Station Barawala	Ranapur Road Barawala Ta-Barawala Dis-Botad	J	RED	22.161576	71.886829	100 mtr distance from perimeter
Telephone Exchange Barawala	Vallabhipur Dhandhuka high way Barawala Ta-Barawala Dis-Botad	M	YELLOW	22.154494	71.896381	100 mtr distance from perimeter
Bhimanath Railway Station	Bhimanath Village Ta-Barawala Dis-Botad	G	YELLOW	22.240036	71.92244	50 mtr distance from perimeter
Shree Kashtabhanjan Hanumanaji Mandir Salangpur	Salangpur Village Ta-Barawala Dist-Botad	G	YELLOW	22.158925	71.771024	100 mtr distance from perimeter
BAPS Swaminarayan Temple Salangpur	Salangpur Village Ta-Barawala Dis-Botad	G	YELLOW	22.157062	71.770616	100 mtr distance from perimeter
Swaminarayan Temple Kundal	Kundal Village Ta-Barawala Dis-Botad	G	YELLOW	22.163882	71.861865	100 mtr distance from perimeter
Bhimanath Mahadev Temple	Bhimanath Village Ta-Barawala Dis-Botad	G	YELLOW	22.246473	71.923145	100 mtr distance from perimeter

Name of Place	Full Postal Address	Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n"	Recommended Zone Red/Yellow	Latitude	Longitude	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018
Khambhada Dam	Khambhada Village Ta. Barawala Dis-Botad	J	YELLOW	22.16266	71.793643	2 km distance from perimeter
Navada Punping Station	Navad Village Ta. Barawala Dis-Botad	J	YELLOW	22.167448	71.960543	500 mtr distance from perimeter
Pujaya Vishamanbapuni Jagya Temple, Paliyad	At-Paliyad Ta-Botad Dis-Botad	G	YELLOW	22.2597258	71.56104305	100 mtr distance from perimeter
132 KV Electric Power Sub Station, Babarkot	At-Babarkot, Ta-Botad Dist-Botad	J	RED	22.259526045624686,	71.570983	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Turkha	At-Turkha Ta-Botad, Dist-Botad	J	RED	22.154481500372476,	71.53448692	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Hadadad	At-Haddad Ta-Botad Dist-Botad	J	RED	22.197207454733654,	71.62261841	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station Ratanpar	At-Ratanpar Ta-Botad Dist-Botad	J	RED	22.286990994196564,	71.53783584	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Station, Sarava	At-Sarva Ta-Botad Dist-Botad	J	RED	22.210212850063456,	71.48523157	100 mtr distance from perimeter
Sukhbhadar Dam, Nana Chhaida	At-Nana Chhaida Ta-Botad Dist-Botad	J	YELLOW	22.344558789072355,	71.53877463	2 km distance from perimeter
220 KV Electric Power Sub Station Dhasa	At-Rajkot Bhavanagar Road Dhasa Ta-Gadhada Dis-Botad	J	RED	21.802526	71.511355	100 mtr distance from perimeter
Railway Station Dhasa	At-Dhasa Jn. Dhasa Ta-Gadhada Dis-Botd	L	YELLOW	21.783473	71.518777	50 mtr distance from perimeter
66 KV Electric Power Sub Stations Malapara	At-Gadhada Road Malapara Ta-Gadhada Dist-Botad	J	RED	21.855594	71.537501	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Stations Gadhada	Samakatha Dhasa road Gadhada Ta-Gadhada Dis-Botad	J	RED	21.956268	71.567855	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Stations Rojmal	At. Rojmal Gam Ta-Gadhada Dis-Botad	J	RED	21.998792	71.472488	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Stations Gadhali	At. Gadhali gam Ta-Gadhada Dis-Botad	J	RED	21.887314	71.617053	100 mtr distance from perimeter
66 KV Electric Power Sub Stations Bhimdad	At. Bhimdad gam Ta-Gadhada Dis-Botad	J	RED	22.083896	71.570809	100 mtr distance from perimeter

Name of Place	Full Postal Address	Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n"	Recommended Zone Red/Yellow	Latitude	Longitude	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018
66 KV Electric Power Sub Stations Tatam	At. Pipliya road Tatam ta-Gadhada Dis-Botad	J	RED	22.05227	71.6324386	100 mtr distance from perimeter
Bhimadad Dam	Bhimadad Gadhada Ta-Gadhada Dis-Botad	J	YELLOW	22.085473	71.576305	2 km distance from perimeter
Itariya Dam	Itariya Ta-Gadhada Dis-Botad	J	YELLOW	21.964878	71.391385	2 km distance from perimeter
Limbadi Dam	Limbali Ta-Gadhada Dis-Botad	J	YELLOW	21.981605	71.469478	2 km distance from perimeter
Kalubhar Dam	Gadhali Ta-Gadhada Dis-Botad	J	YELLOW	21.861227	71.62992	2 km distance from perimeter
Telephone Akchenage	Fulwadi Same Gadhada Ta-Gadhada Dis-Botad	M	YELLOW	21.969566	71.574246	100 mtr distance from perimeter
Gopinathaji Dev Swaminarayan mandir, Gadhada	Gadhada Ta.-Gadhada Dis.-Botad	G	YELLOW	21.966598	71.574786	100 mtr distance from perimeter
BAPS Mandir, Gadhada	Ghelo Nadina Kadhe Gadhada Ta.-Gadhada Dis.-Botad	G	YELLOW	21.964414	71.573105	100 mtr distance from perimeter
Sub Jail, Gadhada	Juna Mandir same Gadhada Ta.-Gadhada Dis.-Botad	M	RED	21.966413	71.575347	250 mtr distance from perimeter
Water Pumping station Gadhada	Dholiya ota Gadhada Ta.-Gadhada Dis.-Botad	J	YELLOW	21.969521	71.590172	100 mtr distance from perimeter
C.H.C. Gadhada	Samakatha Adatala Road Gadhada Ta.-Gadhada Dis.-Botad	G	YELLOW	21.96226	71.580026	100 mtr distance from perimeter
Madhusudan Dairy Gadhada	Botad district cooperative milk producers union ltd. Gadhada road Ta.-Gadhada Dis.-Botad	L	YELLOW	21.995519	71.594459	100 mtr distance from perimeter
District and Sessions Court Botad	Khas road Botad-364710	C	YELLOW	22.183436	71.682699	100 mtr distance from perimeter
Superintendent of Police office Botad	Khas road Botad-364710	M	YELLOW	22.180212	71.679768	100 mtr distance from perimeter
Collector Office	Khas Road, Botad-364710	M	YELLOW	22.180854	71.681104	100 mtr distance from perimeter
District Panchayat Office	Khas Road, Botad-364710	M	YELLOW	22.181068	71.680546	100 mtr distance from perimeter
Telephone Exchange, Botad	Near Nava Nala, Botad-364710	M	YELLOW	22.167936	71.671448	100 mtr distance from perimeter

Name of Place	Full Postal Address	Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n"	Recommended Zone Red/Yellow	Latitude	Longitude	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018
ST Bus Station Botad	Paliyad Road, Botad-364710	L	YELLOW	22.17478	71.658371	100 mtr distance from perimeter
Botad Junction	Tower Road, khodiyarnagar, Botad-364710	L	YELLOW	22.182314	71.665662	100 mtr distance from perimeter
Sonavala Hospital Botad	Kadar setha ni vadi Ta-Botad, Dis-Botad-364710	G	YELLOW	22.17483	71.66924	100 mtr distance from perimeter
66 KV Electric Sub Station, Botad	Gadhda Road, Ta-Botad, Dis-Botad-364710	J	RED	22.149698	71.659470	100 mtr distance from perimeter
66 KV Electric Sub Station, Lakheni	At. Vill. Lakheni Ta-Botad, Dis-Botad-364710	J	RED	22.038286	71.802797	100 mtr distance from perimeter
66 KV Electric Sub Station, Botad	Khasa Road, Ta-Botad, Dis-Botad-364710	J	RED	22.172921	71.690269	100 mtr distance from perimeter
220 KV Electric Sub Station, Samdhiyala No-1	Samdhiyala No-1, Botad-364710	J	RED	22.14823	71.7339	100 mtr distance from perimeter
132 KV Electric Sub Station, Lathidad	Lathidad, Ta-Botad, Dis-Botad-364710	J	RED	22.100156	71.776474	100 mtr distance from perimeter
66 KV Electric Sub Station, Keriya No-1	Keriya No-1 Ta-Botad, Dis-Botad-364710	J	RED	22.019663	71.731721	100 mtr distance from perimeter
66 KV Electric Sub Station, Jalalpur	Jalalpurgam, Ta-Gadhada, Dis-Botad-364710	J	RED	21.777369	71.591601	100 mtr distance from perimeter
66 KV Electric Sub Station, Ingorala	Ingorala, Ta-Botad, Dis-Botad	J	RED	21.903473	71.506413	100 mtr distance from perimeter

આ જાહેરનામું તા. ૨૪-૦૫-૨૦૨૫ થી તા. ૨૩-૦૭-૨૦૨૫ (૨-માસ) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૨૧ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૭૮૨/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા NAT NEET 2025 EXAM, તા. ૦૪-૦૫-૨૦૨૫ના રોજ સવારના ૧૪-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન યોજનાર છે. આ પરીક્ષા બોટાદમાં કુલ-૦૩ પરીક્ષા કેન્દ્રો પર યોજનાર છે. ઉકત પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી, તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે. જિલ્લાની કસ્ટોડીયન બેંક (૧) એસ.બી.આઈ. કોર્ટ કંપાઉન્ડ બોટાદ (૨) કેનેરા બેંક, બસ સ્ટેન્ડ સામે બોટાદ આજુબાજુ વિસ્તારોમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ (ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૦૪-૦૫-૨૦૨૫ નાં રોજ સમય સવારના ૧૪-૦૦ થી ૧૭-૦૦ કલાક ના કુલ-૦૩ પરીક્ષા કેન્દ્ર, ઉપર તથા જિલ્લાની કસ્ટોડીયન બેંક (૧) એસ.બી.આઈ. કોર્ટ કંપાઉન્ડ બોટાદ (૨) કેનેરા બેંક, બસ સ્ટેન્ડ સામે બોટાદ ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રો અને કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ (ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮) મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૨૪-૦૪-૨૦૨૫ ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૦૬૪/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૭-૦૫-૨૦૨૫ ના રોજ થી તા. ૩૦-૦૫-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૯૩૬/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે મજુરો/કારીગરો/કર્મચારીઓ/દેશ/રાજ્ય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે જિલ્લામાં આવે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય અને આવા મજુરોના ટુકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ હુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગો માટે વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાંત પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરીક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ (ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪- થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, હાલની સાંપ્રત પરિસ્થિતીને ધ્યાને રાખી, રોજગારી આપતી વખતે રોજગાર આપનાર સંસ્થા કે, એકમ, ઉદ્યોગ કામદોરોના નામ, સરનામા, મો.નં., પુર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ નકકી થઈ શકે તેવા તમામ આધાર પુરાવા (ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ, વિ.) ફરજીયાત મેળવીને લગત પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવાની રહેશે.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩, ૩૬ અને ૩૭ મુજબ આ ભંગ કરનાર વિરૂધ્ધ G.P. Act-૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૧૩-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ.

બોટાદ, ૧૩ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૯૪૦/૨૦૨૫.-અત્રેનાં તા. ૧૩-૦૫-૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક : ડી.એમ./વશી/૯૩૬/૨૦૨૫થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદરહું જાહેરનામામાં પોલીસ અધિક્ષકશ્રી બોટાદનાં તા. ૧૫-૦૫-૨૦૨૫ના પત્ર નં. SOG/જાહેરનામું/સુધારા હુકમ/૪૨૬/૨૦૨૫ થી શિક્ષા અંગેની જોગવાઈ સંબંધિત સુધારો થવા દરખાસ્ત કરતાં નીચે મુજબ સુધારો કરવા યોગ્ય જણાતા.

બોટાદ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે મજુરો/કારીગરો/કર્મચારીઓ/દેશ/રાજ્ય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે જિલ્લામાં આવે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય અને આવા મજુરોના ટુકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ હુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગો માટે વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાંત પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરીક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ (ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪- થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામા/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, બોટાદને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી. તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથઈ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

- આ હુકમ તા. ૧૩-૦૫-૨૦૨૫ થી તા. ૧૨-૦૭-૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

- આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર બનશે.
- આ હુકમ અન્વયે બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ : ૧૫-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ.

બોટાદ, ૧૫ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૯૩૯/૨૦૨૫.-બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ)માં દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો અલગ અલગ સરકારી કામ અર્થે જેવા કે લાયસન્સ સંબધિત વાહન નોંધણી વાહન તબદીલી નોંધણી બાદની કાર્યવાહીઓ ટેકસ ભરવાની કાર્યવાહી પરમીટ સંબંધિત કાર્યવાહી માટે આવતા હોય છે. તો આવી પરિસ્થિતિમાં બિન અધિકૃત વ્યકિતઓનો કચેરીમાં પ્રવેશ અટકાવવા માટે જાહેર જનતાના હિતમાં અનઅધિકૃત ઈસમોના એ.આર.ટી.ઓ. કચેરીમાં પ્રવેશતા અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી બોટાદના પત્ર નં. શાસન/જાહેરનામું/એઆરટીઓ/બોટાદ/ઓન/૧૨૦૩ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ.)માં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ ફોજદારી પગલાં લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૫-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૧૫ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૯૩૮/૨૦૨૫.-જિલ્લા સેવા સદન બોટાદ ખાતે બોટાદ જિલ્લાના વિવિધ તાલુકામાંથી મોટી સંખ્યામાં અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજુઆતો સબબ અવરજવર કરતા હોય છે. તાજેતરમાં જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી પોતાની માંગણી અન્વયે અસંતોષ થતા અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ દ્વારા કલેકટર કચેરી/જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં ઉપવાસ, રેલી, ધરણા કે આત્મવિલોપન કરવા આવતા હોય છે જેના કારણે તંગદિલીભર્યું વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં અરજદારોની મોટી સંખ્યા ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જિલ્લા સેવા સદનમાં અરજદાર વ્યકિતગત રીતે કે મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના હોય, સરકારી માલ મિલ્કતને કે વ્યકિતગત જાન માલને નુકશાન થવાના બનાવ બનવાની સંભાવના રહેલ હોઈ, સુલેહ શાંતિ જળવાઈ રહે અને સરકારી માલ મિલકતને નુકશાન ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જિલ્લા સેવા સદન બોટાદ પરિસરની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવા માટે પુરતુ કારણ છે અને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છુ કે, બોટાદ જિલ્લા સેવા સદનના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને તા. ૧૫-૦૫-૨૦૨૫ થી તા. ૧૪-૦૭-૨૦૨૫ સુધી પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરૂ છું તથા આ પ્રતિબંધીત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈએ ઉપવાસ પર બેસવુ નહી કે ધરણા કાર્યક્રમ સભાઓનું આયોજન કરવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) કોઈપણ વ્યકિતએ પુર્વ મંજુરી સિવાય લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહી.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ સાથે રાખવો નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ સરકારી નોકર કે, સરકારશ્રીની ફરજ પર હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે કોઈપણ પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૫-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૧૫ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૭૯૦/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૦૨-૦૫-૨૦૨૫ ના રોજથી તા. ૧૬-૦૫-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૮-૦૪-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨૮ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૬૮૮/૨૦૨૫.-આગામી તા. ૧૨-૦૪-૨૦૨૫ ના રોજ હનુમાન જયંતિ હોય અને આ તહેવાર દરમ્યાન સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે ગુજરાતના શહેરો/ગ્રામ્ય વિસ્તારના તથા આજુ-બાજુના રાજ્યના આશરે ૩ થી ૪ લાખ જેટલા શ્રધ્ધાળુઓ સાળંગપુર ગામે બાય રોડ આવતા હોય, જેથી વાહનોની ટ્રાફિક સમસ્યા નિવારવા અને માર્ગ અકસ્માત અટકાવવા તેમજ લોકોને વાહન વ્યવહારમાં સરળતા રહે તે માટે જાહેર માર્ગ બંધ કરવા તથા વાહનોના ટ્રાફિકને ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૦૯-૦૪-૨૦૨૫ના પત્ર ક્રમાંક : ટ્રાફીક/જાહેરનામું/૩૦૯/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના વાહનો પાર્ક ન કરવા તથા વન-વે રોડ જાહેર કરવા કરવાનું ફરમાવું છું.

પ્રવેશ :

- અમદાવાદ-ધંધુકા-બરવાળા તરફથી તથા ભાવનગર-વલ્લભીપુર તરફથી આવતા વાહનો બોટાદ તરફ જવા માટે કેરીયાઢાળ-લાઠીદડ-જ્યોતીગ્રામ સર્કલ (બોટાદ) તરફ વાહનો પસાર કરવાના રહેશે.
- બાટાદ થી અમદાવાદ તરફ જતાં વાહનો માટે બોટાદ-રાણપુર મિલેટ્રી રોડ થી રાણપુર-ધંધુકા થઈ પસાર થવાનું રહેશે.
- બાટાદ થી બરવાળા તરફ જતાં મોટા વાહનો માટે સેથળી-સમઢીયાળા-લાઠીદડ-કેરીયાઢાળ (SH-117) થઈ પસાર થવાનું રહેશે.

પ્રવેશ નિષેધ :

- અમદાવાદ-ધંધુકા-બરવાળા તરફથી તથા ભાવનગર-વલ્લભીપુર તરફથી સાળંગપુર-બોટાદ તરફ જતાં વાહનો માટે બરવાળા-સાળંગપુર T પોઈન્ટ થી પ્રવેશ નિષેધ રહેશે.
- ગુંદા ચોકડી થી ભરવાડ વાસના નાકા સુધીના મેઈન રોડ પર વાહન સદંતર બંધ રહેશે, અને આ રોડ પર માત્ર પેદલ ચાલીને જવાનું રહેશે.

અમલવારી ની તારીખ :

આ જાહેરનામું તા. ૧૨-૦૪-૨૦૨૫ ના રાત્રીના ક. ૦૦-૦૦ થી તા. ૧૨-૦૪-૨૦૨૫ ના ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ :

આ જાહેરનામું ઈમરજન્સી સેવાઓના વાહનોને લાગુ પડશે નહી.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ-કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે. ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૧-૦૪-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૬૮૭/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૫ બોટાદ જિલ્લામાં આગામી તા. ૧૨-૦૪-૨૦૨૫ ના રોજ લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે અને જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) આજુ બાજુ વિસ્તારોમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ (ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો રજો) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૧૨-૦૪-૨૦૨૫ ના રોજ સમય સવારના ૧૧-૦૦ થી ૧૩-૩૦ કલાક ના કુલ-૩૨ પરીક્ષા કેન્દ્ર ઉપર તથા જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ (ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮) મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ ૦૯-૦૪-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૦૯ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ઈ. ચા. પોલીસ કમિશ્નર દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનો

હુકમ

ક્રમાંક : રાજ/સીપી/એલ.બી.-૧/ગ્રા.પં.ચૂં./જાહેરનામુ/૬૬૮/૨૦૨૫.- ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૨૮-૦૫-૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી./૩(૮)/૦૫૨૦૨૫/૬/૨૦૨૫ થી રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ અંતર્ગત ચૂંટણી આચાર સંહિતા બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર નાઓના પરીપત્ર મુજબ મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મત ગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ ઠરાવવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આ ચૂંટણી દરમ્યાન રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત ભય મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં કોઈ વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિ યોગ્ય રીતે જળવાય અને મુકત ન્યાયી રીતે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી રાજ્ય ચૂંટણી પંચે વિવિધ ઉપાયાત્મક પગલાઓ લેવા સુચના કરેલ છે.

ચૂંટણી સમય દરમ્યાન હિંસક બનાવો ન બને કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહેલી હોય જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડલે છે તે વિસ્તારમાં હથીયારો સાથે હરવા ફરવા પર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે. ઉકત વિસ્તારમાં બહારથી જે લોકોએ હથીયાર પરવાના મેળવેલ હોય તેવા હથીયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ ઉકત જણાવેલ વિસ્તારમાં ન કરી શકે તે માટે જાહેરમાં પ્રદર્શિત કરવા તેમજ હેરાફેરી કરવા પર પ્રતિબંધ તાત્કાલીક મુકવો જરૂરી જણાય છે.

૨/- સબબ હું, મહેન્દ્ર બગડીયા, ઈ.ચા. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, આથી આગામી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે

તે વિસ્તારમાં ચૂંટણી અનુલક્ષીને જાહેરશાંતિ અને સલામતીના હિતમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાના વાળા દરેક પ્રકારના હથિયારો જે તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં રહેતા પરવાનેદારોના હથિયાર જમા કરાવવામાં આવે તે માટેના પગલા લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂં છું.

૩/- ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં કોઈપણ સક્ષમ અધિકારીએ આપેલ પરવાનાવાળા હથીયારો જાહેરમાં પ્રદર્શિત તેમજ હેરાફેરી કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

૪/- આ આદેશ પોલીસ કમિશનર, રાજકોટ શહેર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિશ તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તાર તથા તે વિસ્તારની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતા પરવાનેદારો રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરવાના ધારકોને કરી શકશે નહી તેમજ સંબંધિત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું અનામત જમા લીધેલ હથિયાર તા. ૨૭-૦૬-૨૦૨૫ પછી પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહીં.

૫/- આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુકિત આપવામાં આવે છે.

(અ) રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય, રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ-લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુતિક આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યકિતના વ્યકિતગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉકત આદેશમાંથી મુકિત મળશે નહી.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડ તેઓ જે તે બેન્કમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સિક્યુરીટીગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સંબંધિત પોલીસ સ્ટેશને કરવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશનએ આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીશ્રી/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અને ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

(ડ) પોલીસ કમિશનરશ્રી તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, રાજકોટનાઓએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

જે હથિયાર પરવાનાઓ રીન્યુઅલ અર્થે અત્રેની કચેરી ખાતે જમા અથવા અન્ય સત્તાધિકારીશ્રીની કચેરી ખાતે જમા હોય તેવા હથિયાર પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે.

૬/- આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તેમજ ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ મુજબ પણ પગલાં લેવામાં આવશે જેની નોંધ લેવી.

૭/- આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો દ્વારા તેમજ જાહેર નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી કરવાની રહેશે.

૯/- આજરોજ તા. ૧૨-૦૬-૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૧૨ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/ગણેશ સ્થાપના/જાહેરનામું/૨૪૧૬/૨૦૨૫.- રાજકોટ શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવાનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધૂમ પુર્વક મનાવવામાં આવે છે. રાજકોટ શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમીતે તા. ૨૭-૦૮-૨૦૨૫ ના રોજ ભગવાશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી મુર્તિઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં અમુક ભાવીકો દ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓને સ્થાપના કર્યાના ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે, નવમા દિવસે, અને મોટાભાગના ભાવિકો દ્વારા અગીયારમા દિવસે એટલે કે તા. ૦૬-૦૯-૨૦૨૫ ના રોજ મુર્તીઓના વિસર્જન સરઘસો કાઢી ગણેશજીની મુર્તીઓને નદી કે તળાવમાં પધરાવીને વિસર્જન કરવામાં આવે છે.

આ મહોત્સવને અનુલક્ષીને મુર્તિકારો દ્વારા અગાઉથી મુર્તિઓ તૈયાર કરવામાં આવે છે દરમ્યાન મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી થવાના કારણે રોગચાળો ફેલાય નહી તેમજ કોઈ પણ ધર્મની ધાર્મીક લાગણી દુભાય નહી તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને મુર્તિઓની

ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે, ઉપરાંત મુર્તિ બનાવવા માટે કેમિકલ યુકત રંગોના ઉપયોગ થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીના વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવો અને નામદાર સર્વોચ્ય ન્યાયાલય દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને રાખવી જરૂરી છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ ખાતાના પત્ર નંબર : ENV-10-2010-10045/E તા. ૨૬-૦૭-૨૦૧૦ ની સુચનાથી નામદાર ગુજરાત તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

હું મહેન્દ્ર બગડીયા, (આઈ.પી.એસ.), ઈ.ચા. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરુ છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) ભગવાનશ્રી ગણેશજીની મુર્તિ પ્લાસ્ટર ઓફ પેરીસની બનાવવા કે વેચવા કે સ્થાપન કરવા ઉપર.

(૨) શ્રી ગણેશજીની માટીની મુર્તિ બેઠક સહીતની ''૯'' ફુટ કરતાં વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર.

(૩) નકકી કરેલા વિસર્જન સ્થળો અને લીધેલ મંજુરીમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય કોઈ દરીયા, નદી, તળાવ, કુદરતી જળ સ્ત્રોત, કે નદીના ઓવારા ખાતે વિસર્જન કરવા ઉપર.

(૪) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા મુર્તિ જે જગ્યાએ વેચાણ માટે રાખનાર છે તે જગ્યાની નજીકમાં તથા આજુબાજુમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર. તેમજ મુર્તિઓના બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વેચાણમાં ન થયેલી તથા ખંડીત થયેલ મુર્તિઓને સ્થાપનાના દિવસ બાદ બીનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર તેમજ સ્થાપના કરવા ઉપર.

(૭) સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા અંગેની પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા ઉપર.

(૮) CCTV લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર.

(૯) ફાયર એકસટીંગ્યુસર (અગ્નિક્ષામક) લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓનો પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ તા. ૨૬-૦૭-૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા દુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૦૯-૦૫-૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા. ૧૮-૦૮-૨૦૧૫ના હુકમના આધારે ઉપર મુજબના પ્રતિબંધો રાજકોટ શહેરમાં બહારથી ગણેશજીની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

: અમલવારીનો સમય તથા પ્રતિબંધિત વિસ્તાર :

તા. ૨૨-૦૬-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૮-૨૦૨૪ ના કલાક ૨૪-૦૦ સુધી પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ શહેરમાં ફરજ બજાવતા પો.હેડ કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તારીખ : ૧૯-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૯ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

ક્રમાંક : એસબી/H.S.C.-S.S.C. પૂરક પરીક્ષા/જાહેરનામું/૨૪૧૫/૨૦૨૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી જાહેર રજાના દિવસો સિવાયના દિવસો દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. સામાન્ય/વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુદી-જુદી શાળાઓમાં કુલ-૩૦ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જેમાં તા. ૨૩-૦૬-૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫, તા. ૨૫-૦૬-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫, તા. ૩૦-૦૬-૨૦૨૫, તા. ૦૧-૦૭-૨૦૨૫ સુધી દરરોજ સવારે કલાક ૧૦-૦૦ થી કલાક ૧૩-૧૫ વાગ્યા સુધી એસ.એસ.સી.ની પૂરક પરીક્ષા કુલ-૧૯ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. તથા તા. ૨૩-૦૬-૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫, તા. ૨૫-૦૬-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫, તા. ૩૦-૦૬-૨૦૨૫, તા. ૦૧-૦૭-૨૦૨૫, તા. ૦૨-૦૭-૨૦૨૫, તા. ૦૩-૦૭-૨૦૨૫ ના સવારે કલાક ૧૦-૩૦ થી કલાક ૧૩-૪૫ વાગ્યા સુધી તથા બપોરે કલાક ૧૫-૦૦ થી કલાક ૧૮-૧૫ વાગ્યા સુધી એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ)ની પૂરક પરીક્ષા કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. તથા તા. ૨૩-૦૬-૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫, તા. ૨૫-૦૬-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫,

તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી દરરોજ બપોરે કલાક ૧૫-૦૦ થી કલાક ૧૮-૩૦ વાગ્યા સુધી એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા કુલ-૦૭ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે.

આ પરીક્ષાઓ પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાય કલાક ૦૮-૦૦ થી કલાક ૧૯-૩૦ સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થાશે નહી કે શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થાશે નહી કે ડી.જે./લાઉડ સ્પીકર વગાડી શકશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જઈ શકે નહી. વિગેરે બાબતોને લઈને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું મહેન્દ્ર બગડીયા, (I.P.S.), ઈ.ચા. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી જાહેર રજાના દિવસ સિવાયના દિવસો દરમ્યાન કલાક ૦૮-૦૦ થી કલાક ૧૯-૩૦ સુધી નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

: કૃત્યો :

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજ્યાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જશે નહીં.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓના ભેગા થશે નહીં.

(૫) શાળા (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, જેવા ઈલેકટ્રોનીક સાધનો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી.

(૬) શાળા (પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે તે ઓળખકાર્ડ સંબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર) આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

: અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ.

(૨) કોઈ લગ્નના વરઘોડાને (શરતોને આધીન મંજુરી મેળવેલ)

(૩) કોઈ સ્મશાન યાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનોને.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શીક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તા. ૧૯-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૯ માહે જુન, સને ૨૦૨૫.

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/મુંજકા/જાહેરનામું/૬૦૮/૨૦૨૫.-રાજકોટ શહેર ખાતે આવેલ વોર્ડ નંબર-૦૯માં મુંજકા પોલીસ ચોકી થી આગળ વોકળા પર બોક્ષ કલવર્ટ તથા આર્ષ વિદ્યામંદિર સામે વોકળા પર બ્રિજ બનાવવાની કામગીરી રાજકોટ મહાનગર પાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ હોય, આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની થતી હોય, જેથી બંને બ્રિજના છેડે ડાઈવર્ઝન અંગેના રૂટ વિકલ્પો બંને બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચે મુજબની વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

❖ બ્રિજ નં.-(૧)

➢ મુંજકા પોલીસ ચોકીથી આગળ વોકળા પર બોક્ષ કલવર્ટ બનાવવાનું કામ :

- વિકલ્પ નં.-(૧) નવા ૧૫૦ ફૂટ રીંગરોડ-૨ પર થી યુનિવર્સિટી રોડ તરફ જવા માટે મુંજકા મેઈન રોડ હરસિધ્ધિ માતાજી મંદિર-રામાપીર મંદિર-મુંજકા ગામની શેરીઓમાં થઈ યુનિવર્સિટી રોડ તરફ જઈ શકાશે તેમજ યુનિવર્સિટી રોડ પર થી નવા ૧૫૦-ફૂટ રીંગરોડ-૨ પર જવા મુંજકા ગામની શેરીઓમાં થઈ રામાપીર

મંદિર-હરસિધ્ધિ માતાજી મંદિર રોડ-મુંજકા મેઈન રોડ થી નવા ૧૫૦-ફૂટ રીંગરોડ-૨ તરફ જઈ શકાશે.

- વિકલ્પ નં.-(૨) નવા ૧૫૦-ફૂટ રીંગરોડ પર થી યુનિવર્સિટી રોડ તરફ જવા માટે મુંજકા મેઈન-હરસિદ્ધિ માતાજી મંદિર-રામાપીર મંદિર પાસે શેરી નં.-૧૫ મુંજકા મેઈન રોડ તરફ યુનિવર્સિટી રોડ પર થી નવા ૧૫૦-ફૂટ રીંગરોડ-૨ પર જવા મુંજકા ગામની શેરીઓમાં થઈ રામાપીર મંદિર-હરસિધ્ધિ માતાજી મંદિર-મુંજકા મેઈન રોડ થી નવા ૧૫૦ ફૂટ રીંગરોડ-૨ તરફ જઈ શકાશે.

❖ બ્રિજ નં.-(૨)

➢ મુંજકા આર્ષ વિદ્યામંદિર સામેના વોકળા પર બ્રિજ બનાવવાનું કામ :

- વિકલ્પ નં.-(૧) નવા ૧૫૦-ફૂટ રીંગરોડ પરથી ટીટોડિયાપરા જવા માટે તેમજ ટીટોડીયાપરા થી નવા ૧૫૦-ફૂટ રીંગરોડ તરફ જવા માટે રૂટ નંબર-(૧) મુજબ જઈ શકાશે અને યુનિવર્સિટી રોડ પરથી નવા ૧૫૦-ફૂટ રીંગરોડ પર જવા માટે મુંજકા ગામની શેરીઓમાં થઈ રામાપીર મંદિર-હરસિદ્ધિ માતાજી મંદિર-મુંજકા મેઈન રોડ થી નવા ૧૫૦-ફૂટ રીંગરોડ તરફ જઈ શકાશે.

આથી હું મહેન્દ્ર બગડીયા I/c. પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ : ૨૧-૦૬-૨૦૨૫ થી બંને બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી મારી સહી સીકકા કરી ઉકત વિગતેનું જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનીયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/રથયાત્રા/મૂકિત/જાહેરનામું/૬૦૬/૨૦૨૫.-આગામી તા. ૨૭-૦૬-૨૦૨૫ના રોજ અષાઢી બીજ પર્વ નીમીત્તે યોજાનાર રથયાત્રા શ્રી જગન્નાથ મંદિર કૈલાસ ધામ આશ્રમથી શરૂ થઈને નાનામૌવા ગામ, મોક્કાજી સર્કલ, વૃંદાવન સોસાયટી મેઈન રોડ, ન્યારા સંપ કાલાવડ રોડ, નીલ દા ધાબા થી પુષ્કર ધામ મેઈન રોડ, જે.કે. ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, ટી-પોઈન્ટ, એચ.પી. પેટ્રોલ પંપથી સાધુ વાસવાણી રોડ, આલાપ ગ્રીન સીટીથી રૈયા રોડ, બાપાસીતારામ ચોક, રૈયા ચોકડી, હનુમાનમઢી ચોક, આઝાદ ચોક, આમ્રપાલી અંડર બ્રીજ, કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, સદર બજાર મેઈન રોડથી સદર પોલીસ ચોકી, હરીહર ચોક, લીંમડા ચોક, એસ.બી.આઈ. ટી-પોઈન્ટ, ત્રીકોણ બાગ ચોક, ઢેબર ચોક, સાંગણવા ચોક, રાજેશ્રી સીનેમા, ભુપેન્દ્ર રોડ, શ્રી સ્વામીનારાયણ મંદિરથી ભુપેન્દ્ર રોડ ટી-પોઈન્ટ, પેલેસ રોડ, ગુંદાવાડી પોલીસ ચોકી, કેનાલ રોડ બોમ્બે આર્યન થઈ કેવડાવાડી મેઈન રોડ, પવનપુત્ર ચોક, સોરઠીયાવાડી સર્કલ, કોઠારીયા રોડ મેઈન રોડ, સુતા હનુમાન, નીલકંઠ ટોકીઝ, દેવપરા ચોક, આંબેડકર ભવનથી સહકાર મેઈન રોડ, ત્રિશુલ ચોક, ઢેબર કોલોની, ઢેબર રોડ, પી.ડી.એમ. ફાટક થઈ પી.ડી.એમ. કોલેજ થઈ સ્વામીનારાયણ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ, આનંદ બંગલા ચોક, મવડી મેઈન રોડ, મવડી ફાયર બ્રીગેડથી માયાણી ચોક, રાજનગર ચોકથી, નાના મૌવા મેઈન રોડ, નાના મૌવા સર્કલ, પ્રતિલોક પાર્ટી પ્લોટ, અજમેરા શાસ્ત્રીનગર, નાનામૌવા ગામથી કૈલાસ ધામ નીજ મંદિર ખાતે આવી પરત આવી પૂર્ણ થશે.

સદરહુ અષાઢી બીજની રથયાત્રા ફુલછાબ ચોકથી સદર બજારમાંથી પસાર થઈ સદર પોલીસ ચોકી તરફ પસાર થાય છે, પરંતુ સદર બજાર પોલીસ ચોકીથી ખોડીયાર હોટલ સુધી તમામ વાહનો માટે ક. ૦૯-૦૦ થી ક. ૨૧-૦૦ સુધી પ્રવેશ બંધ તથા ફુલછાબ ચોકથી સદર પોલીસ ચોકી સુધી તમામ વાહનો માટે ક. ૦૯-૦૦ થી ક. ૨૧-૦૦ સુધી પ્રવેશ બંધ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોય. જેથી તા. ૨૬-૦૬-૨૦૨૫ અને તા. ૨૭-૦૬-૨૦૨૫ સુદી દિન-૦૨ માટે સદરહુ જાહેરનામા માંથી અષાઢી બીજની રથયાત્રામાં રહેલ વાહનો અને સરકારી વાહનોને મુકિત આપવામાં આવે છે.

આથી હું મહેન્દ્ર બગડીયા I/c. પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧થી મળેલ સત્તાની રૂએ આજરોજ તા. ૨૧-૦૬-૨૦૨૫ થી મારી સહી સીક્કા કરી આગળ આપેલ વિગતેનું જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/રથયાત્રા/જાહેરનામું/૬૦૭/૨૦૨૫.-આગામી તા. ૨૭-૦૬-૨૦૨૫ના રોજ અષાઢી બીજ પર્વ નીમીત્તે યોજાનાર રથયાત્રા શ્રી જગન્નાથ મંદિર કૈલાસ ધામ આશ્રમથી શરૂ થઈ નીચે મુજબના રૂટ ઉપર પસાર થનાર હોય અને આ રથયાત્રામાં રાજકોટ શહેર તથા આજુ-બાજુના ગામડાઓમાંથી ખુબજ મોટા પ્રમાણમાં આમ જનતા દર્શનાર્થે આવનાર હોય, જેથી રથયાત્રાના રૂટ ઉપર તા. ૨૭-૦૬-૨૦૨૫ના રોજ રથયાત્રા જે રોડ ઉપરથી પસાર થનાર હોય તેના એક કલાક પહેલાના તમામ પ્રકારના વાહનો માટે ''પ્રવેશ બંધ'' અને ''નો-પાર્કિંગ'' જાહેર કરવામાં આવે છે.

➢ ખોડીયાર આશ્રમ શરૂ થઈ મોક્કાજી સર્કલ વૃંદાવન સોસાયટી મેઈન રોડ, ન્યારા સંપ કાલાવડ રોડ, નીલ દા ધાબા થી પુષ્કર ધામ મેઈન રોડ, જે.કે. ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, ટી-પોઈન્ટ, એચ.પી.પેટ્રોલપંપથી સાધુ વાસવાણી રોડ, આલાપ ગ્રીન સીટી થી રૈયા રોડ, બાપાસીતારામ ચોક, રૈયા ચોકડી, હનુમાન મઢી ચોક, આઝાદ ચોક, આમ્રપાલી અંડરબ્રીજ, કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, સદર બજાર મેઈન રોડ થી સદર પોલીસ ચોકી, હરીહર ચોક, લીમડા ચોક, એસ.બી.આઈ. ટી-પોઈન્ટ, ત્રીકોણબાગ ચોક, ઢેબર ચોક, સાંગણવા ચોક, રાજેશ્રી સીનેમા, ભુપેન્દ્ર રોડ, શ્રી સ્વામીનારાયણ મંદિર થી ભુપેન્દ્ર રોડ ટી-પોઈન્ટ, પેલેસ રોડ, ગુંદાવાડી પોલીસ ચોકી, કેનાલ રોડ બોમ્બે આર્યન થી કેવડાવાડી મેઈન રોડ, પવનપુત્ર ચોક, સોરઠીયાવાડી સર્કલ, કોઠારીયા રોડ મેઈન રોડ, સુતા હનુમાન, નીલકંઠ ટોકીઝ, દેવપરા ચોક, આંબેડકર ભવનથી સહકાર મેઈન રોડ, ત્રિશુલ ચોક,

ઢેબર કોલોની, ઢેબર રોડ, પી.ડી.એમ. ફાટક થઈ પી.ડી.એમ. કોલેજ થઈ સ્વામીનારાયણ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ, આનંદ બંગલા ચોક, મવડી મેઈન રોડ, મવડી ફાયર બ્રીગેડથી માયાણી ચોક, રાજનગર ચોકથી, નાના મૌવા મેઈન રોડ, નાના મૌવા સર્કલ, પ્રતિલોક પાર્ટી પ્લોટ, અજમેરા શાસ્ત્રીનગર, નાના મૌવા ગામથી કૈલાસ ધામ નીજ મંદિર ખાતે આવી પરત આવી પુર્ણ થશે આ રૂટના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે ''પ્રવેશ બંધ'' અને ''નો-પાર્કિંગ'' (આ રથયાત્રા સાથે જોડાયેલ અને સરકારી વાહનો સિવાય) જાહેર કરવામાં આવે છે.

(૧) નાના મૌવા ગામ, મોક્કાજી સર્કલ વૃંદાવન સોસાયટી મેઈન રોડ, ન્યારી સંપ કાલાવડ રોડ સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર આવર-જવર કરી શકાશે,

(૨) ન્યારીસંપ કાલાવાડ રોડ, નીલ દા ધાબા સુધી ડાબી બાડુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે. (રથયાત્રા સમય દરમ્યાન એ.જી ચોકથી કાલાવાડ રોડ ઉપર કોઈપણ પ્રકારના વાહનો જઈ શકાશે નહીં),

(૩) નીલ દા ધાબા કાલાવાડ રોડ થી પુષ્કર ધામ મેઈન રોડ, જે.કે. ચોક સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે

(૪) જે.કે.ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, ટી પોઈન્ટ એચ.પી. પેટ્રોલ પંપથી સાધુવાસવાણી રોડ સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે. (રથયાત્રા સમય દરમ્યાન યુનીવર્સિટી રોડ અને એસ.એન.કે. સ્કુલ તરફથી આકાશવાણી ચોક તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં),

(૫) યુનિવર્સિટી રોડ, સાધુવાસવાણી રોડ૬ ટી-પોઈન્ટ એચ.પી. પેટ્રોલ પંપથી સાધુવાસવાણી રોડ, આલાપ ગ્રીન સીટીથી રૈયા રોડ સુધી રથયાત્રા પસાર થાય ત્યા સુધી તે રોડ ઉપર કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે અને રોડ ક્રોશ કરી શકશે નહીં.

(૬) આલાપ ગ્રીન સીટી થી રૈયા રોડ થી બાપા સીતારામ ચોકથી, રૈયા ચોકડી સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુ ના રોડ ઉપર અવર-જવર કરી શકાશે (રથયાત્રા સમય દરમ્યાન નાણાવટી ચોક અને રૈયાટેલીફોન એક્ષચેન્જ તરફથી રૈયા ચોકડી તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં, તેની જગ્યાએ તમામ પ્રકારનાં વાહનો રૈયા ચોકડી ઓવર બ્રીજ ઉપરથી પસાર થઈ શકશે)

(૭) રૈયા ચોકડી, હનુમાન મઢી ચોક, આઝાદ ચોકથી આમ્રપાલી અંડર બ્રીજ સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુ ના રોડ ઉપર અવર-જવર કરી શકાશે (રથયાત્રા સમય દરમ્યાન કનૈયા ચોક, બ્રહમ સમાજ ચોક, હનુમાન મઢી ચોક નરેન્દ્ર પારેખ માર્ગ, આઝાદ ચોક અને નાના ડિવાઈડરોથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાના ક્રોસ કરી શકાશે નહીં.)

(૮) કિશાનપરા ચોકથી જિલ્લા પંચાયત ચોક સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે. (રથયાત્રા સમય દરમ્યાન મેયર બંગલા અને મહિલા અંડર બ્રીજ થી કિશાનપરા તથા ગેલેકસી ૧૨-માળનું બિલ્ડીંગ અને યાજ્ઞીક રોડ ઠક્કર બાપા છાત્રાલયથી જિલ્લા પંચાયત ચોક તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં.)

(૯) રથયાત્રા દરમ્યાન જિલ્લા પંચાયત ચોકથી ફુલછાબ ચોક સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા સમય દરમ્યાન ખોડીયાર હોટલ અને ભીલવાસ ચોકથી ફુલછાબ ચોક તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં.)

(૧૦) ફુલછાબ ચોક, સદર બજાર મેઈન રોડથી સદર પોલીસ ચોકી, હરીહર ચકો સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં (રથયાત્રા સમય દરમ્યાન રમેશભાઈ છાયા સ્કુલથી સદર પોલીસ ચોકી તરફ તથા જજીઝ કોલોની અને જ્યુબેલી ચોકથી હરીહર ચોક તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં.)

(૧૧) હરીહર ચોકથી લીમડા ચોક સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં.

(રથયાત્રા સમયે દરમ્યાન મોટીટાકી ચોક અને સુચક સ્કુલ શાસ્ત્રી મેદાનથી લીમડા ચોક તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં અને હરીહર ચોકથી લીંમડા ચોક સુધી બન્ને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૧૨) લીમડા ચોકથી એસ.બી.આઈ ટી-પોઈન્ટ સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા સમય દરમ્યાન લીંમડા ચોકથી એસ.બી.આઈ ટી-પોઈન્ટ સુધી બન્ને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૧૩) એસ.બી.આઈ ટી-પોઈન્ટથી ત્રીકોણ બાગ ચોક સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે. (રથયાત્રા સમય દરમ્યાન કોઈપણ પ્રકારના વાહનો સર અમરસિંહજી રોડ યાજ્ઞીક રોડથી ત્રીકોણ બાગ આવી શકાશે નહીં)

(૧૪) ત્રીકોણ બાગ ચોક, ઢેબર ચોકથી સાંગણવા ચોક સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં (રથયાત્રા સમય દરમ્યાન ઢેબર ચોકથી સાંગણવા ચોક સુધી બન્ને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં તથા એ-ડીવીજન પોલીસ સ્ટેશન સામે સંસ્કૃતી દુકાન અને આર.એમ.સી. ચોકથી કોઈપણ પ્રકારના વાહનો ઢેબર ચોક તરફ આવી શકાશે નહીં.)

(૧૫) સાંગણવા ચોકથી રાજેશ્રી સીનેમા, ભુપેન્દ્ર રોડ સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા દરમ્યાન સાંગણવા ચોકથી રાજેશ્રી સિનેમા, ભુપેન્દ્ર રોડ સુધી બન્ને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં તથા જુની ખડપીઠથી કોઈપણ પ્રકારના વાહનો સાંગણવા ચોક તરફ આવી શકાશે નહીં.)

(૧૬) રાજેશ્રી સીનેમા, ભુપેન્દ્ર રોડથી શ્રી સ્વામીનારાયણ મંદિર સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા દરમ્યાન રાજેશ્રી સીનેમાથી શ્રી સ્વામીનારાયણ મંદિર સુધી બન્ને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં તથા કરણસિંહજી ચોક અને ભુપેન્દ્ર રોડ ટી-પોઈન્ટ થી કોઈપણ પ્રકારના વાહનો શ્રી સ્વામીનારાયણ મંદિર ચોક તરફ આવી શકાશે નહીં.)

(૧૭) ભુપેન્દ્ર રોડ ટી-પોઈન્ટ પેલેસ રોડથી ગુંદાવાડી પોલીસ ચોકી સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા દરમ્યાન ભુપેન્દ્ર રોડ ટી-પોઈન્ટ પેલેસ રોડથી ગુંદાવાડી પોલીસ ચોકી સુધી બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૧૮) ગુંદાવાડી પોલીસ ચોકીથી કેનાલ રોડ બોમ્બે આર્યન ચોકી સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા દરમ્યાન ગુંદાવાડી પોલીસ ચોકીથી કેનાલ રોડ બોમ્બે આર્યન ચોક સુધી બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૧૯) બોમ્બે આર્યન કેવડાવાડી મેઈન રોડ, પવનપુત્ર ચોકથી સોરઠીયા વાડી સર્કલ સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા દરમ્યાન બોમ્બે આર્યન કેવડાવાડી મેઈન રોડ, પવનપુત્ર ચોકથી સોરઠીયા વાડી સર્કલ સુધી બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૨૦) સોરઠીયા વાડી સર્કલ, કોઠારીયા મેઈન રોડ, સુતા હનુમાન, નીલકંઠ ટોકીઝ, દેવપરા ચોક, આંબેડકર ભવન કોઠારીયા રોડ ધવલ ઈલેકટ્રીકસ સહકાર મેઈન રોડ સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે. (રથયાત્રા સમય દરમ્યાન સોરઠીયા વાડી સર્કલ, કોઠારીયા મેઈન રોડ, સુતા હનુમાન, નીલકંઠ ટોકીઝ, દેવપરા ચોક, આંબેડકર ભવન કોઠારીયા રોડ ધવલ ઈલેકટ્રીકસ સહકાર મેઈન રોડ સુધી બંને બાજુ ની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૨૧) ધવલ ઈલેકટ્રીકસ સહકાર મેઈન રોડ, ત્રીશુલ ચોક, ઢેબર કોલોનીથી ઢેબર રોડ પી.ડી.એમ ફાટક સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા દરમ્યાન ધવલ ઈલેકટ્રીકસ સહકાર મેઈન રોડ, ત્રીશુલ ચોક, ઢેબર કોલોનીથી ઢેબર રોડ પી.ડી.એમ ફાટક સુધી બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૨૨) ઢેબર રોડ પી.ડી.એમ. ફાટકથી પી.ડી.એમ. કોલેજ સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા સમય દરમ્યાન મક્કમ ચોકથી આવતા અને અટીકા ફાટકથી આવતા વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૨૩) પી.ડી.એમ. કોલેજથી સ્વામીનારાયણ ચોક સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા સમય દરમ્યાન બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૨૪) આનંદ બંગલા ચોકથી મવડી મેઈન રોડ, મવડી ફાયર બ્રીગેડ સુધી કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા સમય દરમ્યાન મવડી ઓવરબ્રજથી આનંદ બંગલા ચોક તરફ કોઈપણ પ્રકારના વાહનો આવી શકાશે નહીં.)

(૨૫) મવડી ફાયર બ્રીગેડ, માયાણી ચોકથી રાજનગર ચોક સુધી કોઈપણ પ્રકારના અવર-જવર કરી શકાશે નહીં. (રથયાત્રા સમય દરમ્યાન બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.)

(૨૬) રાજનગર ચોકથી, નાના મૌવા મેઈન રોડ, નાના મૌવા સર્કલ, પ્રતિલોક પાર્ટી પ્લોટ, અજમેરા શાસ્ત્રીનગર, નાના મૌવા ગામથી કૈલાસ ધામ નીજ મંદિર સુધી ડાબી બાજુનો રોડ બંધ કરી તેની જગ્યાએ જમણી બાજુના રોડ ઉપર અવર-જવર કરી શકાશે.(રથયાત્રા દરમ્યાન રાજનગર ચોકથી, નાના મૌવા મેઈન રોડ, નાના મૌવા સર્કલ, પ્રતિલોક પાર્ટી પ્લોટ, અજમેરા શાસ્ત્રીનગર, નાના મૌવા ગામથી કૈલાસ ધામ નીજ મંદિર સુધી બંને બાજુની શેરીમાંથી કોઈપણ પ્રકારના વાહનો રથયાત્રાને ક્રોસ કરી શકાશે નહીં.

આથી હું મહેન્દ્ર બગડીયા I/c. પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧થી મળેલ સત્તાની રૂએ આજરોજ તા. ૨૧-૦૬-૨૦૨૫ થી મારી સહી સીક્કા કરી આગળ આપેલ વિગતેનું જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનીયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/કટારીયા ચોકડી/જાહેરનામું/૫૮૭/૨૦૨૫.- રાજકોટ શહેર ખાતે આવેલ કાલાવડ રોડ ૧૫૦-ફુટ રીંગરોડ-૨, કટારીયા ચોકડી પર ફલાય ઓવર બ્રિજ તથા અંડરપાસ (બ્રિજ) બનાવવાના કામે તા. ૨૬-૦૩-૨૦૨૫ ના રોજ માનનિય મુખ્ય મંત્રીશ્રી દ્વારા ખાતમુર્હુત કરવામાં આવેલ હોય, જે અનુસાર આ કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે હાલ આ કામે રોડની બંને બાજુએ સર્વિસ રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, આ કામ માટે કટારીયા ચોકડી ખાતેનો ટ્રાફિક બંધ કરી અન્ય વૈકલ્પિક રસ્તાઓ પર ટ્રાફિકને ડાયવર્ટ કરવો જરૂરી હોય, જેથી કટારીયા ચોકડી પર ફલાય ઓવર બ્રિજ તથા અંડરપાસ (બ્રિજ) બનાવવાનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબની વિગેતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

➢ **પ્રતિબંધિત રૂટ :**

- કાલાવડ રોડ જલારામ ફાસ્ટ ફુડથી કોસ્મોપ્લેક્ષ સિનેમા સુધીના રોડ પર બંને બાજુ તમામ પ્રકારના વાહનો માટે અવર-જવર પર પ્રતિબંધ રહેશે.
- ૧૫૦-ફૂટ રીંગરોડ-૨ એકવાકોરલ બિલ્ડીંગથી લક્ષ્મીના ઢોરાવાળા સ્લેબ કલવર્ટ સુધીના રોડ પર બંને બાજુ તમામ પ્રકારના વાહનો માટે અવર-જવર પર પ્રતિબંધ રહેશે.

➢ **વૈકલ્પિક રૂટ :**

➢ **રાજકોટ શહેર થી કાલાવડ તરફ જવા માટે :**

- કાલાવડ રોડ કોરાટવાડી મેઈન રોડ થી ધ-વાઈબ વાળા રસ્તાથી ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ થી જીનીયસ સ્કુલવાળા રસ્તે થી કાલાવડ તરફ જઈ શકાશે.

➢ **કાલાવડ થી રાજકોટ શહેર તરફ જવા માટે :**

- કાલાવડ રોડ થી કોસ્મોપ્લેક્ષ સિનેમા પહેલા સેરેનીટી ગાર્ડનવાળા રસ્તા થી કોનપ્લેક્ષ સિનેમા થી ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી એલેકઝીર રોડ થી ગ્રીન ફિલ્ડ ગાર્ડનવાળા રસ્તા થી કાલાવડ રોડ થી રાજકોટ શહેર તરફ જઈ શકાશે.

- **૧૫૦ ફુટ રીંગરોડ-૨ ગોંડલ ચોકડી થી જામનગર રોડ (ઘંટેશ્વર ગામ) તરફ જવા માટે :**
  - એકવાકોરલ બિલ્ડીંગ થી પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ થી જીનીયસ સ્કુલ થી કાલાવડ રોડ કોસ્મોપ્લેક્ષ સિનેમા પહેલા સેરેનીટી ગાર્ડનવાળા રસ્તા થી કોનપ્લેક્ષ સિનેમા થી ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી ઘંટેશ્વર ગામ તરફ જઈ શકાશે.
- **૧૫૦ ફુટ રીંગરોડ-૨ જામગર રોડ (ઘંટેશ્વર ગામ) થી ગોંડલ રોડ તરફ જવા માટે :**
  - ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી એલેકઝીર રોડ થી ગ્રીનફિલ્ડ ગાર્ડનવાળા રોડ થી કાલાવડ રોડ થી કોરાટવાડી મેઈન રોડ થી ધ-વાઈબ રોડ થી ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી ગોંડલ રોડ તરફ જઈ શકાશે.
- **૧૫૦ ફુટ રીંગરોડ-૨ જામગર રોડ થી કાલાવડ રોડ થી ૧૫૦-ફુટ રીંગરોડ-૨ ગોંડલ રોડ તરફ બંને તરફ ભારે તથા ઈન્ડસ્ટ્રીયલ વાહનો માટે આવવા તથા જવા માટે :**
  - ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી રત્નવિલાસ પેલેસવાળા રસ્તે થઈ કાલાવડ રોડ કણકોટ પાટીયા થી વીર-વિરૂ તળાવવાળા રસ્તે થી ૧૫૦-ફુટ રીંગરોડ-૨ થી અવર-જવર કરી શકાશે.

આથી હું મહેન્દ્ર બગડીયા I/c. પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ : ૦૦-૦૬-૨૦૨૫ થી કટારીયા ચોકડી પર ફલાય ઓવર બ્રિજ તથા અંડરપાસ (બ્રિજ) બનાવવાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી મારી સહી સીકકા કરી આગળ આપેલ વિગતેનું જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનીયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૧૯ માહે જુન, સને ૨૦૨૫.

મહેન્દ્ર બગડીયા
ઈ. ચા. પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,
રાજકોટ.

સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૪) ડી.ઈ.લે.રે.શ્રી, રાજકોટના પત્ર નં. ચીત્રાવડ-પાટી/સ્વામિત્વ યોજના/૨૦૨૫, તા. ૩૦-૦૫-૨૦૨૫.

જાહેરનામુ

ક્રમાંક : શમક-૧૬/સ્વામિત્વ/કલમ-૧૨૬/જામકંડોરણા/ચીત્રાવડ-પાટી/ગામતળ/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ કુલ-૧૨૫૨૦ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલી સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૩ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-ચીત્રાવડ-પાટી, તાલુકો-જામકંડોરણા, જિલ્લો-રાજકોટમાં સિટી સરવે વિસ્તાર નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, રાજકોટ દ્વારા તૈયાર કરી વંચાણ-૪ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકકચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-ચીત્રાવડ-પાટી, તાલુકો-જામકંડોરણા, જિલ્લો-રાજકોટની આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી) માં (હે. ૦૦ આરે.૮૮ ચોમી.૦૨), પરિશિષ્ટ-બ (બિનખેતી) માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ક (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે.૦૪ આરે.૭૧ ચોમી.૪૫) મળી કુલ ક્ષેત્રફળ હે.૦૫ આરે.૫૯ ચોમી.૪૭ વિસ્તારની જમીનનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

ગામ : ચીત્રાવડ-પાટી તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ.

ક્રમ નં.	પરિશિષ્ટ		
૧	પત્રક-અ	ખેતીના રેવન્યૂ સર્વે નંબરો	૮૮૦૨
૨	પત્રક-બ	બીનખેતીના રેવન્યૂ સર્વે નંબરો	નીલ
૩	પત્રક-ક	સરકાર હસ્તકના રેવન્યુ સર્વે નંબર તથા ગ્રામ પંચાયત હસ્તકના રેવન્યુ સર્વે નંબરો	૪૭૧૪૫
ટોટલ			**૫૫૯૪૭**

ગામ : ચીત્રાવડ-પાટી તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ ખેતીના રેવન્યુ સર્વે નંબરોની યાદી દર્શાવતુ પત્રક

પત્રક-અ

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૧	૩૨૮	૮૮૦૨	
ટોટલ		૮૮૦૨	

ગામ : ચીત્રાવડ-પાટી તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ બીનખેતીના રેવન્યુ સર્વે નંબરોની યાદી દર્શાવતુ પત્રક

પત્રક-બ

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
-- નીલ --			

ગામ : ચીત્રાવડ-પાટી તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ ગ્રામ પંચાયત તથા સરકાર હસ્તકના રેવન્યુ સર્વે નંબરોની યાદી દર્શાવતુ પત્રક

પત્રક-ક

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૧	ગામતળ પૈકી	૨૯૨૯૮	
૨	૫૨૩ પૈકી-ગામતળ	૫૦૫૯	
૩	૫૨૩ પૈકી	૧૨૭૮૮	
ટોટલ		**૪૭૧૪૫**	

રાજકોટ, ૨૦ માહે જુન, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૪) ડી.ઈ.લે.રે.શ્રી, રાજકોટના પત્ર નં. ચીત્રાવડ/સ્વામિત્વ યોજના/૨૦૨૫, તા. ૩૦-૦૫-૨૦૨૫.

જાહેરનામુ

ક્રમાંક : શમક-૧૬/સ્વામિત્વ/કલમ-૧૨૬/જામકંડોરણા/ચીત્રાવડ/ગામતળ/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ કુલ-૧૨૫૨૦ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલી સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૩ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-ચીત્રાવડ, તાલુકો-જામકંડોરણા, જિલ્લો-રાજકોટમાં સિટી સરવે વિસ્તાર નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, રાજકોટ દ્વારા તૈયાર કરી વંચાણ-૪ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકકચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-ચીત્રાવડ, તાલુકો-જામકંડોરણા, જિલ્લો-રાજકોટની આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી) માં (હે. ૦૩ આરે.૬૭ ચોમી.૩૫), પરિશિષ્ટ-બ (બિનખેતી) માં (હે.૦૪ આરે.૫૯ ચોમી.૩૨), પરિશિષ્ટ-ક (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે.૩૩ આરે.૪૦ ચોમી.૯૭) મળી કુલ ક્ષેત્રફળ હે.૪૧ આરે.૬૭ ચોમી.૬૪ વિસ્તારની જમીનનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

ગામ : ચીત્રાવડ તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ.

ક્રમ નં.	પરિશિષ્ટ		
૧	પત્રક-અ	ખેતીના રેવન્યૂ સર્વે નંબરો	૩૬૭૩૫
૨	પત્રક-બ	બીનખેતીના રેવન્યૂ સર્વે નંબરો	૪૫૯૩૨
૩	પત્રક-ક	સરકાર હસ્તકના રેવન્યુ સર્વે નંબર તથા ગ્રામ પંચાયત હસ્તકના રેવન્યુ સર્વે નંબરો	૩૩૪૦૯૭
ટોટલ			**૪૧૬૭૬૪**

ગામ : ચીત્રાવડ તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ ખેતીના રેવન્યુ સર્વે નંબરોની યાદી દર્શાવતુ પત્રક

પત્રક-અ

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૧	૨/૧	૮૦૯	
૨	૨/૨	૬૦૭	
૩	૨/૪	૭૦૮	
૪	૧૯૬/૧	૧૨૧૪	
૫	૧૯૬/૨	૧૧૧૩	
૬	૧૯૮/૧	૨૫૨૯	
૭	૧૯૮/૨	૨૧૨૫	
૮	૧૯૯/૧ પૈકી	૮૧૯	
૯	૧૯૯/૨	૧૨૧૪	
૧૦	૨૦૧/૧	૬૦૭	
૧૧	૨૦૧/૨	૫૦૬	
૧૨	૨૦૧/૩	૪૦૫	
૧૩	૨૦૩/૧	૬૦૭	
૧૪	૨૦૩/૨	૬૦૭	
૧૫	૨૦૩/૩	૮૦૯	
૧૬	૨૦૩/૪	૧૦૧	
૧૭	૨૦૩/૫	૧૬૧૯	
૧૮	૨૦૩/૬	૪૦૫	
૧૯	૨૦૪/૧	૯૧૧	
૨૦	૨૦૪/૩	૬૦૭	
૨૧	૨૧૦/૧	૧૬૧૯	

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૨૨	૨૧૦/૨	૨૧૨૫	
૨૩	૨૧૧/૧	૧૬૧૯	
૨૪	૨૧૧/૨	૯૧૧	
૨૫	૨૧૧/૩	૧૭૨૦	
૨૬	૨૧૨/૧	૮૦૯	
૨૭	૨૧૨/૩	૨૦૨	
૨૮	૨૧૨/૪	૩૦૪	
૨૯	૨૧૩/૧ પૈકી	૨૨૫૫	
૩૦	૨૧૩/૨ પૈકી	૨૦૨	
૩૧	૨૧૩/૩ પૈકી	૨૩૨	
૩૨	૨૧૩/૪ પૈકી	૫૪૭	
૩૩	૨૧૫/૧	૯૧૧	
૩૪	૨૧૫/૨	૬૦૭	
૩૫	૨૨૦/૧	૧૨૧૪	
૩૬	૨૨૦/૨	૧૧૧૩	
૩૭	૨૨૦/૩	૨૦૨૩	
ટોટલ		૩૬૭૩૫	

ગામ : ચીત્રાવડ તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ બીનખેતીના રેવન્યુ સર્વે નંબરોની યાદી દર્શાવતુ પત્રક

પત્રક-બ

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૧	૩/૧	૧૩૪૫૬	
૨	૨૦૪/૨	૨૧૨૫	
૩	૨૧૨/૨	૭૦૮	
૪	૫૨૨	૧૩૩૫૫	
૫	૫૨૫	૧૩૭૫૯	
૬	૫૨૬	૨૫૨૯	
ટોટલ		૪૫૯૩૨	

ગામ : ચીત્રાવડ તા. જામકંડોરણા જિ. રાજકોટ ના સ્વામિત્વા યોજના માટેના વધારાના વિસ્તારની લે.રે.કો.ક. કલમ-૯૫-૧૩૧ અન્વયે સરકારશ્રીની મંજુરી મળતા લે.રે.કો.ક.-૧૨૬ હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ ગ્રામ પંચાયત તથા સરકાર હસ્તકના રેવન્યુ સર્વે નંબરોની યાદી દર્શાવતુ પત્રક

પત્રક-ક

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૧	ગામતળ પૈકી	૫૨૩૫૩	
૨	૧	૩૪૪૦	
૩	૨/૩	૬૦૭	
૪	૩/૨	૩૦૪	
૫	૪	૧૫૮૮૪	
૬	૭૮ પૈકી-ગામતળ	૭૩૪૪	
૭	૭૮ પૈકી	૭૯૩૨૬	
૮	૧૯૪	૯૩૦૮	
૯	૧૯૫	૩૯૪૬	

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો.મી.	રીમાર્કસ
૧૦	૧૯૬/૩	૮૦૯	
૧૧	૧૯૭-ગામતળ	૨૬૫૦૭	
૧૨	૧૯૯/૧ પૈકી	૯૨	
૧૩	૨૦૦	૨૯૩૪	
૧૪	૨૦૨	૧૪૬૭૦	
૧૫	૨૦૩/૭	૩૦૪	
૧૬	૨૦૩/૮	૧૦૧	
૧૭	૨૧૩/૧ પૈકી	૭૨	
૧૮	૨૧૩/૨ પૈકી	૩૦૪	
૧૯	૨૧૩/૩ પૈકી	૩૭૫	
૨૦	૨૧૩/૪ પૈકી	૨૬૨	
૨૧	૨૧૪	૭૦૮	
૨૨	૨૧૫/૩-ગામતળ	૧૫૧૮	
૨૩	૨૧૬-ગામતળ	૩૫૪૧	
૨૪	૨૧૭	૨૦૨૩	
૨૫	૨૧૮/૧-ગામતળ	૭૦૮	
૨૬	૨૧૮/૨-ગામતળ	૧૨૧૪	
૨૭	૨૧૮/૩-ગામતળ	૬૦૭	
૨૮	૨૧૯-ગામતળ	૩૩૭૯૧	
૨૯	૫૦૦	૧૧૮૩૭	
૩૦	૫૨૩ પૈકી	૩૬૨૧૯	
૩૧	૫૨૩ પૈકી	૮૬૦૦	
૩૨	૫૨૪	૧૦૧૨	
૩૩	નદી પૈકી	૧૩૩૭૭	
ટોટલ		**૩૩૪૦૯૭**	

રાજકોટ, ૨૦ માહે જુન, સને ૨૦૨૫.

એમ. પી. પટેલ
નાયબ નિયામક
જમીન દફતર રાજકોટ વિભાગ,
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0112/06/CSRAJSESH202500810/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી શિવભવાની કૃપા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૯ માહે જુન, સને ૨૦૨૫.

ડો બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0031/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, લાઈફ સ્ટાઈલ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSAHAA202500857, DATE 24-06-2025 છે.

રાજકોટ, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0029/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, આરબી એલીમેન્ટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSAHAA202500855, DATE 24-06-2025 છે.

રાજકોટ, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0027/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, અક્ષર હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSAHAA202500854, DATE 24-06-2025 છે.

રાજકોટ, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(બી) તથા કલમ-૧૦૮(૩) ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/ch Date : 21-07-2011 તથા જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/ch. Date : 26-08-2011 થી સુપ્રત થયેલ સત્તા સોંપણી.

(૩) અત્રેની કચેરીના તા. ૨૮-૦૫-૨૦૨૫ ના વચગાળાના આદેશ ક્રમાંક : ADRCSHRJ/0026/05/2025.

(૪) શ્રી બંસરી સરકારી કર્મચારીઓની કો ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટનો તારીખ ૦૨-૦૬-૨૦૨૫ ના રોજનો પત્ર.

અંતિમ આદેશ

Letter No. ADRCSHRJ/0024/06/2025.-આથી હું વાય. ડી. દુધાત્રા, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ અમોને ઉકત વંચાણે લીધેલ ક્રમાંક : ૨ થી મળેલ અધિકારની રૂઈએ શ્રી બંસરી સરકારી કર્મચારીઓની કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટ (નોંધણી નંબર : ઘ-૧૨૪૭૫ તારીખ : ૨૯-૦૪-૨૦૦૦)ને આમુખમાં જણાવેલ વિગતો અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭(૧)(બી) હેઠળની જોગવાઈઓ અન્વયે ફડચામાં લઈ જતા વચગાળાના આદેશને બહાલી આપતો કાયદાની કલમ-૧૦૮(૩) અન્વયે ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરૂ છું. અને કલમ-૧૦૮(૧)ની જોગવાઈઓ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ગ્રાહક) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૧૭ માહે જુન, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0035/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી સંગમ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJGH202500867, DATE 25-06-2025 છે.

રાજકોટ, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0033/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સેફાયર હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSAHAA202500866, DATE 25-06-2025 છે.

રાજકોટ, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

વાય. ડી. દુધાત્રા
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.10 16:31:28 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot